BUSINESS મિક્સ Plus

# પગારમાં વધારો થયો? તમારા ખર્ચ વધે તે પહેલાં SIP વધારો




અભિનંદન! તમને લાંબા સમયથી જેની રાહ હતી તે ઈમેલ મળી ગયો છે: વાર્ષિક ઇન્ક્રીમેન્ટ. પગાર વધારો તમારા ખાતામાં જમા થઈ ગયો છે, અને તરત જ ઉત્સાહનો ઉભરો આવવો સ્વાભાવિક છે. તમે તે લેટેસ્ટ સ્માર્ટફોન તરફ નજર કરવા માંડો છો, લક્ઝરી વેકેશન પેકેજો બ્રાઉઝ કરો છો, અથવા વધુ પ્રીમિયમ કારમાં અપગ્રેડ કરવાનું વિચારો છો. પગાર વધારાના લાભો માણવામાં કંઈ ખોટું નથી. પરંતુ આ વધારાની આવક માસિક ખર્ચમાં વણાઈ જાય તે પહેલાં એક પ્રશ્ન પૂછવા જેવો છે:

શું તમારું રોકાણ પણ વધ્યું છે?

ઘણા લોકો માટે, આવક દર થોડા વર્ષે વધે છે, પરંતુ રોકાણો લાંબા સમય સુધી યથાવત રહે છે. પરિણામ સરળ છે - કમાણી વધે છે, ખર્ચ વધે છે, પરંતુ સંપત્તિનું નિર્માણ તે ગતિ જાળવી શકતું નથી.

જીવનશૈલીની જાળ

જેમ જેમ આવક વધે છે, તેમ તેમ ખર્ચ પણ અવારનવાર શાંતિથી અને કુદરતી રીતે વધે છે. થોડા અપગ્રેડ થયેલા સબ્સ્ક્રિપ્શન્સ, સુવિધા પાછળના વધુ ખર્ચ, મુસાફરીનું ઊંચું બજેટ, વારંવાર ઓનલાઇન શોપિંગ અને સુધારેલી જીવનશૈલીની પસંદગીઓ ધીમે ધીમે વધારાના પગારને ગળી શકે છે. આને 'લાઇફસ્ટાઇલ ઇન્ફ્લેશન' (જીવનશૈલીનો ફુગાવો) તરીકે ઓળખવામાં આવે છે - જ્યારે ઊંચી કમાણી લાંબા ગાળાની નાણાકીય સુરક્ષામાં કોઈ સાર્થક સુધારો કર્યા વિના વધુ ખર્ચ તરફ દોરી જાય છે.

## પગાર વધારો એ તમારી સખત મહેનતનું ઈનામ છે, પરંતુ સ્ટેપ-અપ SIP એ તમારા ભવિષ્યનું ઈનામ છે

ઘણા રોકાણકારોને આ થતું હોવાનો ખ્યાલ પણ આવતો નથી. તેઓ નાણાકીય રીતે વધુ સમૃદ્ધ અનુભવે છે, પરંતુ વર્ષો પછી તેમને સમજાય છે કે બહુવિધ (ઘણા બધા) પગાર વધારા પછી પણ તેમની પાસે બતાવવા જેવું બહુ ઓછું છે.

આવક વૃદ્ધિ રોકાણમાં કેમ દેખાવી જોઈએ? મોટાભાગના રોકાણકારો તેમના સિસ્ટેમેટિક ઇન્વેસ્ટમેન્ટ પ્લાન (SIP) ને "સેટ-ઇટ-એન્ડ-ફોર્ગેટ-ઇટ" (એકવાર સેટ કરો અને ભૂલી જાઓ) ગેજેટની જેમ ગણે છે. તેઓ □10,000 નું માસિક રોકાણ શરૂ કરે છે અને તેને ઘણા વર્ષો સુધી તે જ સ્તરે રાખે છે.

સમસ્યા અહીં છે: જ્યારે તમારો પગાર વાર્ષિક 8-10% ના દરે વધી રહ્યો છે, ત્યારે જીવનનિર્વાહનો ખર્ચ (મોંઘવારી) પણ વધી રહ્યો છે. જો તમારું રોકાણ સ્થિર રહે છે, તો તમે વાસ્તવિક અર્થમાં પાછળ પડી રહ્યા છો. જ્યારે તમારી આવક વધે ત્યારે તમારી SIP ને સ્થિર રાખીને, તમે અનિવાર્યપણે તે "બળતણ" ઘટાડી રહ્યા છો જે તમારા સંપત્તિના એન્જિનને તમારી જરૂરિયાતો સુધી પહોંચવા માટે જરૂરી છે. પગાર વધારો એ તમારા નાણાકીય ભવિષ્યને મજબૂત કરવાની શ્રેષ્ઠ તકોમાંની એક છે કારણ કે તે તમારી વર્તમાન જીવનશૈલીને ઘટાડ્યા વિના તમારી માસિક બચત વધારે છે.

સ્ટેપ-અપ SIP : એક નિર્ણય જે ઓટોપાયલટ પર ચાલે છે

આ વિકલ્પ સરળ છે - અને વ્યવહારમાં અત્યંત અસરકારક છે. તેને સ્ટેપ-અપ SIP (Step-Up SIP) અથવા ટોપ-અપ SIP (Top-Up SIP) કહેવામાં આવે છે, અને તે બરાબર તે જ કરે છે જે તેનું નામ સૂચવે છે: તે દર વર્ષે તમારા માસિક SIP રોકાણમાં નિશ્ચિત ટકાવારી અથવા રકમ દ્વારા આપમેળે વધારો કરે છે. આનું ગણિત સીધું છે. તેની વર્તણૂક પરની અસર પરિવર્તનકારી છે. જ્યારે તમે તમારી SIP ને જે મહિને તમારો પગાર વધે તે જ મહિને 1000 વધારવાની સૂચના આપો છો, ત્યારે તે વધારો ક્યારેય તમારી જીવનશૈલી સુધી પહોંચતો નથી. તમારી ખર્ચ કરવાની આદતો તેને પકડે તે પહેલાં મશીને તેનો દાવો કરી લીધો હોય છે. જો તમે તમારા ખાતામાં ક્યારેય જોતા નથી, તેને તમે ક્યારેય મિસ (યાદ) કરતા નથી. અને જે વીસ વર્ષ સુધી અવિરતપણે કમ્પાઉન્ડ (ચક્રવૃદ્ધિ) થાય છે, તે કંઈક અસાધારણ બની જાય છે.

સ્ટેપ-અપ નો ફાયદો: સંપત્તિનું ગણિત

ચાલો આંકડાઓ પર નજર કરીએ. બે સાથીદારો, રાહુલ અને સ્નેહાની કલ્પના કરો. બંનેએ 30 વર્ષની ઉંમરે 10,000 ની SIP શરૂ કરી, જેમાં 12.62% વાર્ષિક વળતરની અપેક્ષા હતી.

રાહુલ: તેણે 30 વર્ષ સુધી તેની SIP 10,000 પર રાખી. 60 વર્ષની ઉંમર સુધીમાં, તેનું ફંડ (કોર્પસ) આશરે 3.5 કરોડ હતું.

સ્નેહા: તેણે નક્કી કર્યું કે જ્યારે પણ તેને પગાર વધારો મળશે, ત્યારે તે તેની SIP માં માત્ર 2000 નો વધારો કરશે. બીજા વર્ષમાં, તેણે 12,000 ચૂકવ્યા; ત્રીજા વર્ષમાં 14,000, અને આ રીતે આગળ. 60 વર્ષની ઉંમર સુધીમાં, તેનું ફંડ આશ્ચર્યજનક 8.40 કરોડ હતું. 10 સપ્ટેમ્બર, 2024 ના રોજ બહાર પાડેલા AMFI બેસ્ટ પ્રેક્ટિસ ગાઇડલાઇન્સ સર્ક્યુલર નં. 109-A/2024-25 મુજબ ઇક્વિટી ફંડ્સમાં રોકાણ અને વાર્ષિક 12.62% સરેરાશ વળતર ધારણ કરતા. "ભૂતકાળનું પ્રદર્શન ભવિષ્યમાં જળવાઈ રહેશે કે નહીં તેની કોઈ ગેરંટી નથી અને તે ભવિષ્યના વળતરની ખાતરી આપતું નથી. આંકડા માત્ર સમજાવવાના હેતુ માટે છે. પોતાના રોકાણની વૃદ્ધિને પોતાની કારકિર્દીની વૃદ્ધિ સાથે જોડીને, સ્નેહા રાહુલ કરતાં ઘણી વધુ સંપત્તિ બનાવે છે. સૌથી સારી વાત? તેણીને કદાચ તેના રોજિંદા જીવનમાં તફાવતનો અહેસાસ પણ ન થયો કારણ કે આ વધારો તેના પગાર વધારાની સાથે જ થયો હતો.

તમારા નાણાંને "પગાર વધારાથી સુરક્ષિત" કેવી રીતે બનાવશો?

50% નો નિયમ: એક સરળ સામાન્ય નિયમ એ છે કે તમારા ચોખ્ખા પગાર વધારાના ઓછામાં ઓછા 50% તમારા હાલના SIP તરફ વાળવા. તમે બાકીના 50% નો ઉપયોગ તમારા મહેનતના પગાર વધારાનો આનંદ માણવા માટે કરી શકો છો.

ટોપ-અપ ઓટોમેટ કરો : મોટાભાગના રોકાણ પ્લેટફોર્મ હવે "SIP ટોપ-અપ" અથવા "સ્ટેપ-અપ" સુવિધા આપે છે. તમે તેને દર વર્ષે તમારી રકમમાં નિશ્ચિત રકમ દ્વારા આપમેળે વધારો કરવા માટે સેટ કરી શકો છો.

તમારી જરૂરિયાતોની સમીક્ષા કરો : તમારા પગાર વધારાનો ઉપયોગ વાર્ષિક ફાઇનાન્સિયલ હેલ્થ ચેક તરીકે કરો. શું તમારા નવા પગારનો અર્થ એ છે કે તમે તમારી નિવૃત્તિ અથવા બાળકના શિક્ષણ સુધી ત્રણ વર્ષ વહેલા પહોંચી શકો છો? પ્રેરિત રહેવા માટે ગણિતનો ઉપયોગ કરો.

**વેલ્થ ક્રિએશન**

■ N J ઈન્ડિયા ઈન્વેસ્ટ પ્રા. લિ.

મોટા પગાર વધારાની રાહ ન જુઓ


કેટલાક લોકો એવું વિચારીને વધુ રોકાણ કરવાનું મોકૂફ રાખે છે કે તેઓ આગામી પ્રમોશન અથવા આગામી પગાર વધારા પછી તે કરશે. પરંતુ વિલંબ તમને કમ્પાઉન્ડિંગનો મૂલ્યવાન સમય ગુમાવી શકે છે. તમારા નાણાકીય ભવિષ્યને સુધારવા માટે તમારે આવકમાં બહુ મોટા ઉછાળાની જરૂર નથી. માસિક રોકાણમાં નાનો વધારો પણ વર્ષો જતાં ઘણો મહત્વનો સાબિત થઈ શકે છે.

અંતિમ નિર્ણય : માત્ર વધુ કમાઓ નહીં, વધુ રોકાણ કરો

પગાર વધારો એ તમારી સખત મહેનતનું ઇનામ છે, પરંતુ સ્ટેપ-અપ SIP એ તમારા ભવિષ્યનું ઇનામ છે. કારકિર્દીનો ધ્યેય માત્ર આજે વધુ સારું જીવન જીવવાનો નથી, પરંતુ એ સુનિશ્ચિત કરવાનો છે કે તમારે આવતીકાલે તમારી જીવનશૈલી વિશે ક્યારેય ચિંતા કરવી ન પડે. આ વર્ષે, તમારા મહેનતથી કમાયેલા પગાર વધારાને માત્ર કારના શોરૂમ અથવા સ્થાનિક મોલને સોંપી ન દો. તેને રોકાણ કરો, અને તમારા પૈસાને પણ તમારી જેમ જ સખત મહેનત કરવા દો. તમારી જીવનશૈલી વધે તે પહેલાં તમારું SIP વધારો, અને ચક્રવૃદ્ધિ (કમ્પાઉન્ડિંગ) નો જાદુ તમારી કારકિર્દીની સફળતાને લાંબા ગાળાની સંપત્તિમાં કેવી રીતે ફેરવે છે તે જુઓ.

મ્યુચ્યુઅલ ફંડ રોકાણો બજારના જોખમોને આધીન છે, યોજના સંબંધિત તમામ દસ્તાવેજો કાળજીપૂર્વક વાંચો.

# આવનારા દિવસોમાં હોર્મુઝ કટોકટી વધુ ઘેરાશે, ક્રુડની અછત વૈશ્વિક અર્થતંત્રને હચમચાવશે




અમેરિકા અને ઇરાન વચ્ચેના તણાવ પુરો થવાનું નામ લેતું નથી. હોર્મુઝ સ્ટ્રેટમાં સપ્લાય ખોરવાઇ જવાના લીધે ફરી એકવાર મંદીના ભણકારા વાગી રહ્યા છે. આ સપ્લાય ચેઇન ખોરવાઇ જવાના કારણે સમગ્ર વિશ્વમાં ક્રુડની અછત તોળાઇ રહી છે. ભારત સહિત આયાતી દેશોમાં પેટ્રોલ-ડિઝલના ભાવ વધી રહ્યા છે, અને હજુય આ શરૂઆત છે, જો આ સપ્લાય ચેઇન લાંબા સમય સુધી ખોરવાઇ જશે તો ક્રુડ ઓઇલના ભાવ આસમાને આંબી જશે અને ક્રુડ ઓઇલની અછત સર્જાશે. જેનાથી સમગ્ર વિશ્વમાં અસ્થિરતાનો માહોલ સર્જાવાની સ્થિતિ જોવા મળશે.

2008 બાદ ફરીથી સમગ્ર વિશ્વ આર્થિક મંદીમાં ગરકાવ થઇ રહ્યાના એંધાણ મળી રહ્યા છે. વૈશ્વિક એજન્સીઓએ પણ આ અંગેની આગાહીઓ કરવા માંડી છે. ક્રુડ ઓઇલના લીધે ભારત જેવા આયાતી દેશને મોટો ફટકો પડી શકે છે. જેની સીધી અસર રૂપિયા ઉપર પડી રહી છે. આર્થિક સ્થિતિએ ભારત મજબૂત જોવા મળ્યું છે, પણ નબળા રૂપિયાની માઠી અસર શરૂ થઇ ચુકી છે અને રૂપિયો એશિયન દેશોમાં સૌથી નબળું પ્રદર્શન કરી રહ્યો છે. તેની સીધી અસર અર્થતંત્ર ઉપર પડી રહી છે. ઘણા બધાએ ભારતના જીડીપી દરને ઘટાડવાનું શરૂ કરી દીધું છે.

**વર્લ્ડ ઈકોનોમી**

## હોર્મુઝ સ્ટ્રેટ ઓગસ્ટ સુધી બંધ રહેશે, તો 6 મિલિયન બેરલ ક્રુડ ઓઇલની અછત સર્જાશે, ઉંચા ફુગાવાથી મંદીમાં ગરકાવ થઈ જશે

નિષ્ણાતોનું માનવું છે કે, હોર્મુઝ સ્ટ્રેટમાં સપ્લાય ચેઇન ખોરવાઇ ગઇ છે, તે ઓગસ્ટ સુધી પણ ચાલી તો ક્રુડ ઓઇલના ભાવ આસમાને પહોંચી જશે અને એક અંદાજ અનુસાર દરરોજ આશરે 6 મિલિયન બેરલ ક્રુડ ઓઇલની અછત સર્જાશે. અત્રે ઉલ્લેખનીય છે કે, હોર્મુઝ સ્ટ્રેટ એ વિશ્વના મોટા ભાગના ક્રુડ સપ્લાય માટેનો મુખ્ય માર્ગ છે. આ માર્ગ પરથી 55થી 60 ટકા ક્રુડ ઓઇલ વિશ્વભરમાં સપ્લાય થાય છે.

જો હોર્મુઝ સ્ટ્રેટ ઓગસ્ટ સુધી બંધ રહેશે તો ત્રીજા ક્વાર્ટરમાં દરરોજ આશરે 6 મિલિયન બેરલ ક્રુડ ઓઇલની અછત સર્જાઇ શકે છે, જેનાથી ક્રુડના ભાવ 130 ડોલર પ્રતિ બેરલની ઉપર પહોંચી જવાની સંભાવના છે અને આવી જ પરિસ્થિતિ ચાલુ રહેશે તો 150 ડોલર બોલાય તો પણ નવાઇ નહીં.

હોર્મુઝ સ્ટ્રેટના ટ્રાફિક અનિયમિત રહેવાથી 2026માં પ્રથમ વખત વૈશ્વિક ક્રુડના ભાવમાં ઘટાડો થઇ શકે છે. ઘણા અગ્રણી વિશ્લેષકો પહેલાથી જ આ વર્ષે વૈશ્વિક ક્રુડની માગમાં ઘટાડો થવાની આગાહી કરી રહ્યા છે. ફેબ્રુઆરીના અંતમાં ક્રુડના ભાવ લગભગ બમણા થઇ ગયા છે. જેનાથી ફુગાવો વધ્યો છે અને આર્થિક વિકાસ ધીમો પડવાની શરૂઆત થઇ ગઇ છે.

29 સપ્ટેમ્બર, 2008ના લેહમેન બ્રધર્સના નાણાકીય સંકટના દિવસો યાદ કરીને નિષ્ણાતો કહે છે કે, તે સમયે નાણાકીય સંકટથી આર્થિક મંદી આવી હતી, જ્યારે આ વખતે ક્રુડ ઓઇલની અછતના કારણે આર્થિક મંદીના ભણકારા વાગી રહ્યા છે.

ભારતની વાત કરીએ તો સરકાર દ્વારા પેટ્રોલ-ડિઝલના રેશનીંગની વાત શરૂ કરી દીધી છે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પેટ્રોલ-ડિઝલના વપરાશને ઘટાડવા માટે અપીલ કરી છે અને શેરીંગ, પબ્લીક ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરવા સાથે વર્ક ફ્રોમ હોમની અપીલ કરવામાં આવી છે.

જોકે, ભારતમાં હજુય પેટ્રોલ-ડિઝલનો પુરતો સ્ટોક હોવાનું સરકાર જણાવી રહી છે. આમ, ભારત સરકારે ભાવિ પરિસ્થિતિને જોઇને આ અગમચેતી વાપરી રહ્યા છે. જોકે, ગત સપ્તાહમાં બે વખત પેટ્રોલ-ડિઝલના ભાવમાં વધારો કરી દીધો છે, જે દર્શાવે છે કે આવનારા દિવસો ભયાનક રહેશે. કેમકે ક્રુડ ઓઇલની અછત એ માત્ર પેટ્રોલ-ડિઝલના ભાવ વધારા પુરતી સીમિત નહીં રહે, પણ વૈશ્વિક અર્થતંત્રને આંચકો આપી શકે છે. ફુગાવો વધવા, સ્થિર વિકાસ અને નાણાકીય બજારોમાં અસ્થિરતાનું જોખમ રહેશે.

ભારત જેવા દેશો કે જે ક્રુડની આયાત કરે છે, તેઓ વધુ પ્રભાવિત થશે. કેમ કે પેટ્રોલ-ડિઝલના ભાવ વધુ વધી શકે છે. આમ, જો આવી પરિસ્થિતિ લાંબા સમય સુધી ચાલુ રહેશે તો 2008 કરતા પણ ગંભીર મંદી આવી શકે છે.

# પેટ્રોલ - ડિઝલના ભાવમાં થયેલો વધારો ભારતીય શેરબજારને ડામાડોળ કરશે



ટ્રમ્પની ઈરાનને ધમકી આપ્યા બાદ ભારત સહિત વૈશ્વિક બજારોમાં ફફડાટ ફેલાઇ જાય છે, પણ પછી કોઇ ઘટના બનતી નથી. તેવી જ રીતે સપ્તાહના અંતિમ દિવસોમાં ફરીથી અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ દ્વારા ઈરાનને ધમકી આપવામાં આવી હતી અને ડીલ કરી દઈને શાંતિ જાળવવા અપીલ કરી છે, નહીંતર પરિણામ ભોગવવા તૈયાર થઇ જાય. જેથી ફરીથી વૈશ્વિક બજારોમાં હલચલ મચી જવા પામી હતી અને સોના-ચાંદી તથા બિટકોઈનના ભાવ તૂટી ગયા હતા. જોકે, સપ્તાહના અંતે એટલે કે રવિવારે ફરી એકવાર એવી ચર્ચા આવી કે, યુદ્ધ વિરામ લંબાવવા માટે બંને દેશો તૈયાર છે, તેની પાછળ શેરબજારમાં ફરીથી સુધારાની ચાલ આવી શકે તેમ છે. જોકે, રોકાણકારો હજુય ટ્રમ્પની વાત પર વિશ્વાસ બેસતો નથી. અગાઉ પણ આવી અનેકવાર સ્થિતિ આવી છે, જેમાં પાછળથી સ્થિતિ બદલાઇ જતી જોવા મળે છે.

આ ઉપરાંત, ઈરાનના મામલે ડોનાલ્ડ ટ્રમ્પે ચીન ગયા અને જિનપીંગ સાથેની મુલાકાત કરી હતી, પણ જિનપીંગની મુલાકાત બાદ પણ પરિણામ કશુંય મળ્યું હોય તેવું લાગતું નથી, જ્યારે પુતિન અને જિનપીંગની મુલાકાત અને બાદમાં સંયુક્ત નિવેદન આપ્યું હતું, તેથી ટ્રમ્પ તંત્રને ખુંચવા લાગ્યા છે. ઈરાનને ડીલ ટેબલ પર લાવવા ચીનની આશ લગાવી બેઠેલા અમેરિકા ભીંસમાં લેવા ડ્રેગન નવા નવા પ્યાદા ઉતારીને ટ્રમ્પને ચેકમેટ કરી રહ્યા છે, એ ટ્રમ્પને સમજાઇ ગયું છે. જેથી ચીન અને રશિયાને રાજકીય લાભ મળે નહીં તે માટેના ટ્રમ્પના તંત્ર દ્વારા પ્રયાસ આરંભી દેવાયા છે, જેમાં પ્રથમ પગલું ઇરાન સાથેનો યુદ્ધવિરામ લંબાવવામાં આવ્યો છે.

ન્યૂયોર્ક ટાઈમ્સના નામે પણ અહેવાલ આવ્યા છે કે, ઈરાન પણ શાંતિ ઈચ્છી રહ્યું છે અને તેના માટેના પ્રયાસ આરંભી દીધા છે. જેની અસર આવનારા સમયમાં જોવા મળી શકે છે. જોકે, ટ્રમ્પ હવે માત્ર ઈરાન સાથે નહીં પણ ચીન અને રશિયાની સાથે પણ આડકતરી રીતે યુદ્ધ લડી રહ્યા છે. આ દરમ્યાન હોર્મુઝ સ્ટ્રેટ સપ્લાય ચેઇન ખોરંભાઇ જવા પામી છે. જેની સીધી અસર ક્રુડ ઓઇલ પર પડી રહી છે. હજુય સુધી ક્રુડ ઓઇલના ભાવ 100 ડોલરની નીચે ઉતર્યા નથી. જો ક્રુડના ભાવ 100 ડોલરની નીચે આવે તો શેરબજારમાં ફરીથી તેજીનો પવન ફુંકાવાનું શરૂ થાય અને રૂપિયામાં મજબૂતાઇ ફરી શકે છે. આ દરમ્યાન ભારતમાં ક્રુડ ઓઇલની કોઇ અછત નથી તેવા નિવેદનની વચ્ચે ભારતમાં 10 દિવસમાં જ ત્રણ વખત પેટ્રોલ-ડિઝલ તથા સીએનજીના ભાવ વધ્યા છે. આમ, સબ સલામતની સ્થિતિ નથી, તેવું સ્પષ્ટ દેખાઇ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, મોદીએ કોરોનાકાળ જેવા સમય માટે તૈયાર રહેવાની તાજેતરમાં જ તાકીદ કરી દીધી છે. આ પરિસ્થિતિમાં વિદેશી રોકાણકારોનું વેચવવાલીનું દબાણ વધતુ જ જાય છે. કંપનીઓના પરિણામો જાહેર થઈ રહ્યા છે, જે અપેક્ષા કરતા થોડાક નબળા આવી રહ્યા છે. આ ઉપરાંત, અલ નીનોની સમસ્યા પણ ઉભી થનારી છે, જેની સીધી અસર કૃષિ જગત ઉપર પડશે. આમ, આવનારા દિવસોમાં મોંઘવારી માઝા મુકશે અને અર્થતંત્ર ધીમું પડશે, જીડીપી પણ ઘટશે. રૂપિયો નબળો પડશે.

**માર્કેટ વોચ**

વૈશ્વિક અનિશ્ચિતતાના માહોલના પગલે વિદેશી રોકાણકારોએ મે મહિનામાં અત્યાર સુધીમાં રૂ. 25472 કરોડની વેચવાલી કરી છે. જોકે, સતત ત્રીજા મહિને એફઆઈઆઈની વેચવાલી ચાલુ રહી છે. જેઓએ એપ્રિલમાં રૂ.70786 કરોડ અને માર્ચમાં વિક્રમી રૂ. 126991 કરોડ વેચવાલી કરી હતી. જ્યારે ફેબ્રુઆરીમાં બજારમાં રોકાણ વધાર્યું હતુ, જોકે, જાન્યુઆરીમાં વેચવાલ રહ્યા હતા. આ વખતે એફપીઆઈએ ભારતીય મુડીબજારમાં 214473 કરોડ નીકાળ્યા હતા. કેલેન્ડર વર્ષમાં એફપીઆઈએ રૂ. 222343 કરોડની ચોખ્ખી વેચવાલી કરી છે. એફઆઈઆઈની વેચવાલીનું મહત્વનુ કારણ રૂપિયાની નબળાઇ છે, ક્રુડના ઉછળતા ભાવ અને મોંઘવારીના ડરથી વ્યાજદર વધવાની સંભાવના છે.

## ઈરાન-અમેરિકા યુદ્ધના અહેવાલોની વચ્ચે વૈશ્વિક બજારો અટવાયેલા જોવાયા

# કુદરતી હીરા ક્ષેત્રના ભવિષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવા કિમ્બર્લી પ્રોસેસ ઇન્ટરનેશનલનો લક્ષ્યાંક

કિમ્બર્લી પ્રોસેસ (KP) ઇન્ટરસેસનલ મીટિંગ 2026 ભારતની અધ્યક્ષતામાં મુંબઈમાં સંપન્ન થઈ હતી, જેમાં નેચરલ ડાયમંડ સેક્ટરના ભાવિ પર ચાર દિવસની ચર્ચા-વિચારણા માટે KP સહભાગીઓ, નિરીક્ષકો, ઉદ્યોગના હિતધારકો અને નાગરિક સમાજ સંગઠનોના પ્રતિનિધિઓ એકઠા થયા હતા.

ઇન્ટરસેસનલના નિષ્કર્ષને આવકારતા કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયુષ ગોયલે કહ્યું હતું કે, હીરાના કટિંગ અને પોલિશિંગ માટેના વિશ્વના અગ્રણી કેન્દ્ર તરીકે ભારત સ્વીકારે છે કે નેચરલ ડાયમંડ વિશ્વાસ, જવાબદારી અને સહિયારી સમૃદ્ધિનું પ્રતીક બની રહે તે સુનિશ્ચિત કરવામાં KPની ભૂમિકા મહત્વપૂર્ણ છે. ભારતની અધ્યક્ષતા હેઠળ, દેશ 3Cs - વિશ્વસનીયતા (Credibility), અનુપાલન (Compliance) અને ગ્રાહક વિશ્વાસ (Consumer Confidence) ને આગળ વધારવા માટે અને ઝડપથી બદલાતા વૈશ્વિક બજારમાં KPની સુસંગતતાને મજબૂત કરવા માટે તમામ સહભાગીઓ અને હિતધારકો સાથે મળીને કામ કરવા માટે મક્કમપણે પ્રતિબદ્ધ છે.

મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે નેચરલ ડાયમંડ સેક્ટર ઉત્પાદક, પ્રક્રિયા કરનાર અને વપરાશકર્તા દેશોમાં લાખો લોકોની આજીવિકા ટકાવી રાખે છે, અને ભારત એક એવી KPની હિમાયત કરવાનું ચાલુ રાખશે જે મજબૂત, પારદર્શક અને ઉદ્યોગ તથા ગ્રાહકોની અપેક્ષાઓ બંને પ્રત્યે પ્રતિભાવશીલ હોય. ભારતની અધ્યક્ષતાની થીમ 3Cs - વિશ્વસનીયતા, અનુપાલન અને ગ્રાહક વિશ્વાસ - હેઠળ આયોજિત આ ઇન્ટરસેસનલે કિમ્બર્લી પ્રોસેસ માળખામાં વિશ્વાસ, પારદર્શિતા અને સહકારને મજબૂત કરવા પર ચર્ચાઓને આગળ વધારી હતી.

ઇન્ટરસેસનલ દરમિયાન, કાર્યકારી જૂથો અને સમિતિઓએ દેખરેખ, તકનીકી પ્રક્રિયાઓ,



શાસન, આંકડા અને કારીગર ઉત્પાદન પર વિગતવાર ચર્ચાઓ કરી હતી, જેમાં પારદર્શિતા મજબૂત કરવા, કાર્યાત્મક મિકેનિઝમમાં સુધારો કરવા અને નેચરલ ડાયમંડ વેલ્યુ ચેઇનમાં વિશ્વાસ મજબૂત કરવા પર સતત ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

KP ચેર 2026 શ્રી સુચિન્દ્ર મિશ્રાએ કહ્યું હતું કે મુંબઈ ઇન્ટરસેસનલ દરમિયાન પ્રાપ્ત થયેલી પ્રગતિ કિમ્બર્લી પ્રોસેસને વિશ્વસનીય, સુસંગત અને વૈશ્વિક હીરા વેપારની બદલાતી ગતિશીલતા અને ગ્રાહકોની અપેક્ષાઓ પ્રત્યે પ્રતિભાવશીલ રાખવા માટે સહભાગીઓ અને નિરીક્ષકોની સહિયારી પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે વિશ્વાસ એ નેચરલ ડાયમંડ ટ્રેડનો પાયો છે અને હીરાની વેલ્યુ ચેઇનમાં જવાબદાર સોર્સિંગ, પારદર્શિતા અને આત્મવિશ્વાસના આધારસ્તંભ તરીકે કિમ્બર્લી પ્રોસેસને મજબૂત કરવાના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો.

**બિઝનેસ વ્યૂ**

ઇન્ટરસેસનલે અંતિમ ગ્રાહકો સુધી કિમ્બર્લી પ્રોસેસની સકારાત્મક અસરોને વધુ સારી રીતે પહોંચાડવા માટે સંચાર અને આઉટરીચના પ્રયાસો વધારવાના મહત્વ પર પણ ભાર મૂક્યો હતો, જેમાં જવાબદાર સોર્સિંગ પદ્ધતિઓ, વિકાસના પરિણામો અને ઉત્પાદક રાષ્ટ્રો અને સમુદાયોમાં આજીવિકા સહાયનો સમાવેશ થાય છે.

ઇન્ટરસેસનલ દરમિયાન થયેલી ચર્ચાઓ આ વર્ષના અંતમાં નવી દિલ્હીમાં યોજાનારી KP પ્લેનરીમાં આગળ વધારવામાં આવશે, જેમાં 2026 સુધી ભારતની અધ્યક્ષતા હેઠળ વિશ્વસનીયતા, અનુપાલન અને ગ્રાહક વિશ્વાસ પર સતત ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે.

## ભારત કિમ્બર્લી પ્રોસેસના ઉદ્દેશ્યો, નેચરલ ડાયમંડ સેક્ટરમાં પારદર્શિતા, ટકાઉપણું અને જવાબદાર પદ્ધતિઓને પ્રોત્સાહ આપશે

આ બેઠકમાં KP સહભાગીઓ, વર્લ્ડ ડાયમંડ કાઉન્સિલ, સિવિલ સોસાયટી કોએલિશનના સભ્યો, ઉદ્યોગ સંસ્થાઓ અને અન્ય હિતધારકોની સહભાગિતા જોવા મળી હતી. અધ્યક્ષે રેખાંકિત કર્યું હતું કે કિમ્બર્લી પ્રોસેસનું અનોખું ત્રિપક્ષીય માળખું અને સર્વસંમતિ-આધારિત અભિગમ, જે સરકારો, ઉદ્યોગ અને નાગરિક સમાજને એકસાથે લાવે છે, તે તેની મુખ્ય શક્તિઓમાંની એક છે.

કિમ્બર્લી પ્રોસેસ સર્ટિફિકેશન સ્કીમ, જે 2000ના સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ઠરાવ 55/56 હેઠળ સ્થપાઈ હતી, તે એક વૈશ્વિક પહેલ છે જેનો ઉદ્દેશ્ય સંઘર્ષવાળા હીરાને (conflict diamonds) કાયદેસરના વેપારમાં પ્રવેશતા અટકાવવાનો અને નેચરલ ડાયમંડ સપ્લાય ચેઇનમાં જવાબદાર સોર્સિંગને પ્રોત્સાહન આપવાનો છે.

હીરાના કટિંગ અને પોલિશિંગ માટેના અગ્રણી વૈશ્વિક કેન્દ્ર તરીકે, ભારતે કિમ્બર્લી પ્રોસેસના ઉદ્દેશ્યો અને નેચરલ ડાયમંડ સેક્ટરમાં પારદર્શિતા, ટકાઉપણું અને જવાબદાર પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા માટે તેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના ઠરાવ 55/56 (2000) હેઠળ સ્થાપિત કિમ્બર્લી પ્રોસેસ સર્ટિફિકેશન સ્કીમ (KPCS) એક આંતરરાષ્ટ્રીય પહેલ છે જેનો હેતુ કાયદેસર હીરા વેપારમાં સંઘર્ષ હીરાના પ્રવાહને રોકવાનો છે. હાલમાં, કિમ્બર્લી પ્રોસેસમાં 86 દેશોનું પ્રતિનિધિત્વ કરતા 60 સહભાગીઓ છે, જેમાં યુરોપિયન યુનિયન અને તેના સભ્ય દેશો એક જ બ્લોક તરીકે ભાગ લઈ રહ્યા છે.

ભારતે 1 જાન્યુઆરી, 2026ના રોજ કિમ્બર્લી પ્રોસેસનું અધ્યક્ષપદ સંભાળ્યું અને વૈશ્વિક હીરા ક્ષેત્રમાં જવાબદાર સોર્સિંગ, પારદર્શિતા અને ટકાઉપણું મજબૂત કરવા માટેની તેની પ્રતિબદ્ધતાને પુન:પુષ્ટિ કરી હતી. હીરા કાપવા અને પોલિશ કરવા માટેના વિશ્વના અગ્રણી કેન્દ્રોમાંના એક તરીકે, ભારત કિમ્બર્લી પ્રોસેસના ઉદ્દેશ્યોને આગળ વધારવામાં મુખ્ય ભૂમિકા ભજવવાનું ચાલુ રાખે છે.